ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૮૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેર આખું ગણેશમય બન્યું

●●●

જે.બી. શાળામાં ગણેશ મેકિંગ સ્પર્ધા યોજાઈ

જે.બી. પ્રાથમિક શાળાના ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન ગણેશ મેકિંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ શિક્ષક અને વાલીઓના માર્ગદર્શન હેઠળ જુદા જુદા પાંદડાં, ફૂલો અને માટીની મદદથી સુંદર મૂર્તિઓનું સર્જન કર્યું હતું. શાળાનાં આચાર્ય નીવાબેન પટેલ ભાગ લેનારને અભિનંદન પાઠવ્યા હતા.

●●●

વૃંદાવન ગરબા ક્લાસિસ સે-૨૪માં ગણપતિનું આગમન

વૃંદાવન ગરબા ક્લાસિસ સે-૨૪માં ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું છે. વૃંદાવન ગરબા ક્લાસીસના ખેલૈયા ગરબાના તાલે ઝુમશે. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, ગાંધીનગરના કોર્પોરેટર અંકિતભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

●●●

ગણેશચતુર્થી પર્વની શહેરમાં ધામધૂમથી ઉજવણી ચાલી રહી છે ત્યારે સેકટર-૭-એમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા વિદ્યાર્થી રૂદ્ર તેજસ ગાંધીએ ઘરે જ માટીના ગણપતિ બાપાનું સ્થાપન કર્યું છે.

●●●

એસ.કે. પટેલ સ્કૂલ દ્વારા ઓનલાઈન ગણેશચતુર્થીની ઉજવણી

એસ.કે. પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ગણેશ ચતુર્થી નિમિત્તે નર્સરી, જુનિયર, સિનિયરના બાળકોએ કલે અને માટીમાંથી સરસ મજાનાં ગણપતિ બનાવીને ફોટા બતાવ્યા હતા.

●●●

ઈન્ફોકીડસ પ્રિસ્કૂલમાં ગણેશ ચતુર્થીની ઉજવણી

ઈન્ફોકીડસ પ્રિ સ્કૂલમાં ગણેશ ચતુર્થીની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી હતી. પર્યાવરણની સમતુલા જાળવવા અને નાગરિકોમાં જાગૃતિ લાવવા ઈન્ફોકીડસના બાળકએ ઈકો ફ્રેન્ડલી મૂર્તિ જાતે બનાવી અને ઘરમાં

સ્થાપન કર્યું હતું. કેટલાક બાળકોએ સ્વયં ગણપતિ બાપાનું સ્વરૂપ ધારણ કરી ઉત્સાહપૂર્વક ઉજવણી કરી હતી. સ્કૂલના શિક્ષકોએ ગણેશ મહોત્સવનું મહત્વ સમજવી શુભેચ્છા પાઠવી હતી.

●●●

ગણેશચતુર્થી નિમિત્તે શહેરમાં ઘણી બધી જગ્યાએ ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં સેકટર-૧૪માં સુંદર ગણપતિજીની સ્થાપના ભકતોએ કરી છે અને આરતી પૂજા કરીને ધન્યતા અનુભવી રહ્યા છે.

●●●

એસ.જી. અને એસ.વી. શાળામાં ગણેશચતુર્થીની ઉજવણી

એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ શાળામાં ગણેશચતુર્થી નિમિત્તે બાળકોમાં આધ્યાત્મિતાનો વિકાસ થાય તે હેતુથી ઓનલાઈન ગણપતિ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓએ પેપર ક્રાફટના અને ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ વિવિધ

ધાનના ગણપતિ બનાવ્યા હતા. આ બાળપ્રવૃત્તિમાં વાલીઓએ પણ સહકાર આપ્યો હતો.

●●●

શહેરમાં દુંદાળા દેવની વિવિધ જગ્યાએ ભકિતપૂર્વક ધામધૂમથી

સ્થાપના કરવામાં આવી છે. શહેરની સોસાયટીઓ અને ન્યુ ગાંધીનગરમાં ઠેર ઠેર ગણેશજીના સુંદર મજાના પંડાલ જોવા મળી રહ્યા છે ત્યારે વાવોલની તુલસી રેસિડેન્સી ખાતે પણ ગણેશોત્સવની ઉજણીનું આયોજન વસાહતીઓ દ્વારા કરવામાં આવ્યું છે ત્યારે સવાર-સાંજ આરતી કરી વસાહતી દ્વારા પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું છે.

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં અન્ન ઉત્સવનું આયોજન

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં અન્ન ઉત્સવનું આયોજન કરાયું હતું. જેમાં દરેક વિદ્યાર્થી પોતાના ઘરેથી પોતે ખાતા હોય સાથે એક માણસનું વધુ તેટલું દાળ અને ચોખા લાવ્યા હતા. 'યુનિટી ઈન ડાયવર્સિટી'ની થીમ સાથે આ દાળ અને ચોખાનો ખીચડીનો પ્રસાદ રાંધવામાં આવ્યો હતો. ૫૦૦ થી વધુ ગરીબ અને જરૂરિયાતમંદોને આ પ્રસાદ વહેચવામાં આવ્યો હતો. આમ સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક કાર્યમાં જોડાય તેવી પ્રેરણા આપવામાં આવે છે.

રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા 'સાક્ષરતા' વિષયક મિટીંગ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

રોટરી ઈન્ટરનેશનલ સપ્ટેમ્બર-૨૦૨૧ને સાક્ષરતા માસ તરીકે ઉજવી રહ્યું છે. તે અંતર્ગત રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા સાક્ષરતા વિષયને આવરી લઈને એક ગેસ્ટ મિટીંગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં પ્રોજેક્ટ ચેરમેન અરવિંદ રાણાએ લિટર્સી વિષય ધ્યાને લઈને સમાજમાં પ્રવર્તતી અંધશ્રધ્ધા અને તેના દૂષણો વિશે પોતાની આગવી શૈલીમાં વિવિધ ઉદાહરણો સાથે વાત રજૂ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સર્વે રોટરીયન યશવંત જોશી, અશ્વિન શર્મા, ગૌરાંગ રાવલ, જગતભાઈ કારાણી, ઈલાબેન વોરા, યુવરાજસિંહ વાઘેલા, મનોજભાઈ સરૈયા, ડૉ. બાબુભાઈ પરમાર, હાર્દિક પ્રજાપતિ, નરેશ પ્રજાપતિ, ડાહ્યાભાઈ ભરવાડ, ગૌરાંગ પંડ્યા, કિંજલ ત્રિવેદી, દીપ્તિબેન સબાપરા, બી.કે. ચાવડા, કૌશિકભાઈનો સહયોગ રહ્યો હતો. આ કાર્યક્રમમાં મૌલિનભાઈ પટેલ, અરવિંદભાઈ રાણાને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પાર્થ ઠક્કરે કર્યુ હતુ.

વાણિજ્ય કોલેજમાં સરીસૃપ પકડી લીધો

ગાંધીનગર, તા. ૧૧

સરકારી વાણિજ્ય કોલેજ સે. ૧૫ ખાતે કોલેજ સમય દરમિયાન ધામણ જેવા શરીસૃપ દેખાયો હતો. કોલેજના માળી બાબરભાઈ અને સિક્યુરીટી દ્વારા આચાર્યનું ધ્યાન દોરવામાં આવતા સ્નેક કેચર રાધે પ્રજાપતિનો સંપર્ક કરીને શરીસૃપને પકડીને જંગલમાં છોડવા માટે કોલેજના આચાર્ય ડૉ. એ.એન. સુતરિયાએ સતર્કતા દાખવી હતી.

જન્મદિને વધામણી

ઉમાકાંત ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮

લતાબેન વી પટેલ
આસી. ટિચર (સે-૧૬)
મો. ૯૪૨૭૦ ૪૯૫૮૨

પ્રજાપતિ કૃપાલ પ્રવીણભાઈ
મો. ૯૮૯૮૭ ૩૫૨૪૪

જાનસી દ્રોણકુમાર પંડ્યા

જય દિનેશભાઈ પટેલ
મો. ૮૪૯૦૮ ૩૧૧૬૧

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સદસ્યો હરીયાણાની મુલાકાતે

ગાંધીનગર, તા.૧૧

સ્પોર્ટસ ઓથોરટી ઓફ ગુજરાત દ્વારા રાજયના રમત ગમતની ઉત્તમ કામગીરીના અભ્યાસ માટે ૪-૯-૨૧ થી ૧૨-૯-૨૧ સુધી હરિયાણા રાજયની મુલાકાત દરમિયાન આજરોજ હરિયાણા રાજયના રમત ગમત મંત્રી સંદિપસીંગ (ભારતીય હોકી ટીમના ભૂતપૂર્વ ખેલાડી, ઓલમ્પિયન તેમજ અર્જુન એવોર્ડી) દ્વારા રાજયના ૧૧ સદસ્યોની ટીમના સભ્યને આવકારવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં હરિયાણાના સ્પોર્ટસ ડાયરેકટર પંકજ નૈન (આઈપીએસ) અને ભારતીય હોકી ટીમના ભૂતપૂર્વ કેપ્ટન તથા ઓલમ્પિયન પદ્મશ્રી સરદારસીંગ તેમજ વિવિધ રમતના આંતર રાષ્ટ્રીય ખેલાડીઓ કોચીઝ તેમજ સપોર્ટીંગ સ્ટાફે ઉપસ્થિત રહી ચર્ચા વિચારણા કરી હતી.

આર્યસમાજ ખાતે '૫૧ કુંડીય સ્વસ્તિ યાગ'નું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગણેશચતુર્થીના પાવન પર્વ નિમિત્તે આર્યસમાજ, સેકટર-૨૪ના વિશાળ હોલમાં સ્વામી યજ્ઞદેવજીના પાવન સાંનિધ્યમાં '૫૧ કુંડીય સ્વસ્તિ યાગ' યોજાયો હતો. પતંજલિ યોગ, હરિદ્વારથી પધારેલ સ્વામી યજ્ઞદેવજીએ હવનયજ્ઞનો મહિમા સમજાવી કહ્યું હતું કે પર્યાવરણ તથા માનવમાત્રના કલ્યાણનું અત્યંત સરળ, સટીક, સુલભ જો કોઈ સાધન હોય તો તે યજ્ઞ છે. પર્યાવરણમાં વિશેષ વાયુનું શોધન કરી સુગંધિત, રોગનાશક તથા નવી ઉર્જા ભરનાર જો કોઈ સાધન હોય તો તે યજ્ઞ છે. કરેલો એક નાનકડો હવન પણ પર્યાવરણમાં અદભુત દવાનું કામ કરે છે તેમ તેમણે જણાવ્યું હતું. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પ્રસ્તુત કરી દરરોજ હવન કરવા સ્વામીજીએ ભાર મુકયો હતો. સ્વામી યજ્ઞદેવજીએ ક્રિયા રૂપે મંત્રોચ્ચાર સાથે યજ્ઞ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં અનેક માતા, બહેનો, દંપતિ તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આર્યસમાજના પ્રધાન ડૉ. કમલેશકુમાર શાસ્ત્રીએ સમસ્ત કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

ગાંધીનગર નજીક ઉનાવા ગામે ખાડીયાપોળ વિસ્તારમાં ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ખાડીયાપોળના ભકતો દ્વારા સવાર-સાંજ આરતી કરવામાં આવે છે જયારે ગણપતિ બાપા મોરીયાના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠે છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. પટેલ પશાભાઈ ત્રિકમદાસ,** ઉ.વ. ૮૦, સેકટર-૫
- **સ્વ. પટેલ ઉમેશભાઈ મંગળભાઈ,** ઉ.વ. ૬૩, અડાલજ
- **સ્વ. ઠાકોર ભીખાજી ફુલાજી,** ઉ.વ. ૩૫, પ્રાંતિયા
- **સ્વ. જાડેજા અમરબા હઠેસિંહ,** ઉ.વ. ૮૫, પેથાપુર
- **સ્વ. ત્રિવેદી હર્ષદરાય શિવપ્રસાદ,** ઉ.વ. ૫૯, કુડાસણ
- **સ્વ. ઠાકોર કેશાજી ધૂળાજી,** ઉ.વ. ૮૭, ફતેપુરા, પેથાપુર
- **સ્વ. નરૂકા સજનબેન રતનસિંહ,** ઉ.વ. ૬૦, પેથાપુર

ચોમાસામાં શાકભાજીનો રાજા ગણાતા કંકોડા

દુનિયાની સૌથી શક્તિશાળી શાકભાજી છે કંકોડા : તેમાં ભરપૂર પ્રમાણમાં પ્રોટીન રહેલું છે

ગાંધીનગર, તા. ૧૧

વરસાદની શરૂઆત થતા જ બજારમાં અનેક પ્રકારના લીલા શાકભાજી મળે છે. જેમાંથી એક છે કંકોડા... વરસાદની સીઝનમાં આવતા શાકને ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તેને કંકોડા, મીઠા કારેલા, કેકરોલ, કાકરોલ, ભાટ કારેલા, કોરોલા, કરટોલી સહિતના નામથી પણ ઓળખવામાં આવે છે. આ શાક કારેલા પ્રજાતિનું છે પરંતુ તે કારેલા જેવું કડવું લાગતું નથી. ઘણી જગ્યાએ તો તેને ઔષધિની જેમ ઉપયોગ કરવામાં આવે છે.

આયુર્વેદમાં પણ કંકોડાને ખૂબ લાભદાયી માનવામાં આવે છે. તેમાં ભરપૂર પ્રમાણમાં પ્રોટીન રહેલું છે. કંકોડાનું શાક ખૂબ ફાયદાકારક છે.

કંકોડાના ફાયદા

● કંકોડાનું શાક ખાવા કે તેનો રસ પીવાથી સહેલાઈથી પચે છે અને શરીરનું મેટાબોલિજમ તેજ



થાય છે. તેનાથી પેટને લગતી સમસ્યાથી બચી શકાય છે.

● કંકોડામાં કેરોટેનોઈડ્સનું પ્રમાણ ભરપૂર હોય છે જેથી તે આંખો માટે ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તેના સેવનથી આંખની દૃષ્ટિ પણ તેજ થાય છે.

● બદલાતી ઋતુમાં શરદી-ઉદરસ જેવી બીમારીઓ થઈ જાય છે. કંકોડાના શાકમાં એન્ટી એલર્જિક અને એનાલ્જેસિક ગુણ હોય છે. જે આ બીમારીઓથી બચાવવામાં મદદ કરે છે.

● આ શાક શરીરને સારી રીતે ડિટોક્સ કરી દે છે. જેનાથી શરીર અને લોહીમાં રહેલી ગંદકી બહાર નીકળી જાય છે.

● ચોમાસામાં રોગપ્રતિકારક શક્તિને વધારવા માટે સીઝનના શાકભાજી અને ફળ ખાવા જોઈએ.

કંકોડામાંથી લગભગ ૧૨૯ જેટલા જુદા જુદા શાક અને વાનગી બનાવવામાં આવે છે.

કંકોડા એક વેલ પ્રકારની વનસ્પતિ છે. જે મોટે ભાગે પઘડી ભૂપૃષ્ઠ ધરાવતી જમીન પર થાય છે. કંકોડાની વેલ જંગલો અને ઝાડીઓમાં પોતાની જાતે ઉગે છે અને ફેલાય છે. કુમળા કંકોડાનું શાક વધુ સ્વાદિષ્ટ હોય છે. કંકોડાના મૂળમાં અડધો ફૂટ લાંબી ગાંઠ હોય છે. જેનો ઉપયોગ ઔષધ તરીકે કરવામાં આવે છે. શાકભાજી પાકોમાં કંકોડા આગવું સ્થાન ધરાવે છે.

ચોમાસામાં જ્યારે બીજા શાકભાજી ઓછા ઉપલબ્ધ હોય ત્યારે કંકોડા સારૂ વળતર મેળવી આપે છે. મોટાભાગનાને અને ખાસ કરીને બાળકોને કંકોડા ભાવતા નથી. કાંટાળા હોવાથી આજે તેના બીજને લીધે બાળકોને તે પસંદ નથી પણ વયસ્ક વ્યક્તિઓમાં તે અતિ લોકપ્રિય છે. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારના લોકોનું તે પ્રિય શાકભાજી છે.